સાબરકાંઠા જીલ્લાના હિમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર સુરક્ષા સેતુ નવરાત્રી મહોત્સવ-૨૦૧૯માં ચોથી નવરાત્રી નીતિન બારોટે ધૂમ મચાવી હતી. બીજી તરફ મોટી સંખ્યામાં ખેલૈયાઓ મનભરીને ગરબે ઘૂમ્યા હતા. રાજ્યમાં ટ્રાફિકના નવા નિયમ અમલમાં આવ્યા છે, જેમાં ટુ વ્હીલર ચાલકને હેલ્મેટ પહેરવું આવશ્યક છે જેને લઈને અકસ્માતમાં બચાવ થઇ શકે છે અને હાલમાં ટ્રાફિક પોલીસ પણ તેનું પાલન કરાવી રહી છે ત્યારે હેલ્મેટ પહેરવા માટેની જાગૃતિને લઈને હિમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર સુરક્ષા સેતુ સોસાયટી નવરાત્રી મહોત્સવ-૨૦૧૯માં ખેલૈયાઓ ગરબે ઘૂમે છે, જેમાં પૂર્ણ થયા બાદ વિજેતા ખેલાડીઓને સાબરકાઠા પોલીસ ધ્વારા હેલ્મેટ ઇનામમાં આપવામાં આવે છે, જેથી જાગૃતિ સાથે બચાવ અને ટ્રાફિકની અવેરનેશ લાવવા માટે પ્રયાસ હાથ ધર્યો છે.

"ઇંધણા વીણવા ગઈ'તી મોરી સહિયર".....તાલે મોડાસામાં ચોથા નોરતે ખેલૈયા ખેલ્યા

મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં ચતુર્થ નવરાત્રીમાં ગરબા સ્થળોએ ઉમંગ-ઉલ્લાસ સાથે ખેલૈયાઓ ઉમટ્યા હતા. મોડાસાના કલ્યાણ, રામપાર્ક, રમઝટ અને કુમકુમ પાર્ટી પ્લોટમાં મા આદ્યશક્તિની આરતી યોજાયા બાદ ખેલૈયાઓ, મહિલાઓ અને યુવતીઓ ગરબે ઘૂમી હતી. ચારે બાજુ વાતાવરણમાં "ઇંધણા વીણવા ગઈતી મોરી સહિયર" સહિતના ગરબાની ગુંજ સંભળાઈ હતી. નવરાત્રી આયોજક મંડળો ખેલૈયાઓને આકર્ષવા ઇનામ સ્પર્ધા યોજી રહ્યા છે.

માલપુરના ૩૫ વર્ષીય યુવકનું શંકાસ્પદ સ્વાઈન ફલુથી મોત નિપજતા ભય

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના પ્રજાજનો મિશ્ર ઋતુમાં બીમારીમાં સતત પટકાતા ઘેર ઘેર માંદગીના ખાટલા મંડાયા છે. જીલ્લામાં સિઝનનો ૧૩૦ ટકાથી વધુ વરસાદ ખાબકતા કાદવ-કીચડ અને પાણીનો ભરાવો થતા મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. માલપુર નગરના ૩૫ વર્ષીય યુવકનું શંકાસ્પદ સ્વાઈનફલુથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા ચાલુ સિઝનનો પ્રથમ કેસ શંકાસ્પદ સ્વાઈનફલુ યુવકને ભરખી જતા માલપુર નગર સહીત જીલ્લાવાસીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

માલપુર નગરના ૩૫ વર્ષીય યુવકને શંકાસ્પદ સ્વાઈનફલુ નામની મહામારી બીમારીમાં ભોગ લેવાતા માતા-પિતાનો સહારો છીનવતા આભ તૂટી પડ્યું હતું. માલપુરમાં રહેતા ભુપેન્દ્રસિંહ નામના યુવકને ત્રણ-ચાર દિવસથી શરદી-ખાંસી તાવમાં પટકાતા પ્રાથમિક સારવાર લીધા પછી મોડાસાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ખાનગી હોસ્પિટલના તબીબે સઘન સારવાર કરવા છતાં યુવકની સ્થિતિમાં સુધારો ન થતા તબીબે યુવકને શંકાસ્પદ લક્ષણો જણાતા તાબડતોડ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવાનું જણાવતા પરિવારજનો સિવિલ હોપિટલમાં લઈ જતા તબીબોએ આઈસોલેશન વોર્ડમાં ખસેડી સઘન સારવાર હાથ ધરી હતી. ગત રાત્રીએ યુવક મોતને ભેટતા ભારે ચકચાર મચી હતી. મૃતક ભુપેન્દ્રસિંહ તેના માતા પિતાનું એકનું એક સંતાન હતું જેના કારણે પરિવારજનોમાં ભારે શોક છવાયો હતો. વધુ વરસાદને કારણે વધતો જતો રોગચાળો અટકાવવા આરોગ્ય વિભાગ દ્વારા પગલાં ભરવામાં આવે એવી સ્થાનિકોમાં માંગ પ્રબળ બની છે.

મગરવાડાના માણીભદ્ર મંદિરે પરંપરાગત લોકમેળો યોજાયો

વડગામ તાલુકાના મગરવાડામાં આવેલા સુપ્રસિધ્ધ તિર્થધામ મગરવાડામાં આસો માસની પાંચમના પરંપરાગત માણીભદ્ર વીરદાદા મંદિરે લોક મેળો યોજાયો હતો. જેમા વડગામ સહીત બનાસકાંઠા જિલ્લામાંથી હજારોની

સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. માણીભદ્ર વિરદાદાના પ્રાચીન મંદિરે પરંપરાગત હવનયજ્ઞ કરવામા આવ્યો હતો. જેમા વડગામ સહીત સમગ્ર બનાસકાઠા, પાટણ,મહેસાણા સહીતના વિસ્તારોમાથી હજજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટીને દાદાના મંદિરે યોજાયેલા હવનમાં હજજારો લીટર ઘી પશુપાલકો દ્વારા હોમીને આહુતી આપી પોતાના ઢોરને સુખરૂપ રાખે તેમજ દૂધમાં પણ વૃધ્ધિ થાય તે માટે ઘી હોમીને શ્રધ્ધા આસ્થા પુર્ણ કરીને ધન્યતા અનુભવી હતી. દાદાના મંદિરે યોજાયેલા હવનમાં મગરવાડાના સરપંચ પ્રકાશસિંહ રાજપૂત, ગામના અગ્રણી ફલજીભાઈ ઉપલાણા, સામંતસિંહ રાજપુત, અશોક ભટોળ સહીત ગામના લોકો દ્વારા હવનમાં આહુતિ આપવામાં આવી હતી. મેળાનો શ્રધ્ધાળુઓએ સુખડીનો પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. મંદિર ટ્રસ્ટ દ્વારા ચા-પાણી વ્યવસ્થા કરવામાં આવી હતી.

વડગામ નજીક આવેલા ખરોડીયાનો વિર જવાન સેવા નિવૃત થતાં ગામમાં સ્વાગત કરાયું

વડગામ, ૩

વડગામથી પાલનપુર જવાના રસ્તા ઉપર આવેલા

પાલનપુર તાલુકાના ખરોડીયા ગામનો વિર જવાન સેવા નિવૃત થતાં તેઓનું ખરોડીયાના ગ્રામજનો દ્વારા સામૈયા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

ખરોડીયાના રમેશભાઈ વાઘજીભાઈ ચૌધરી ૧૯૯૯માં બોર્ડર સિક્યુરિટી ફોર્સમાં ભરતી થયા હતા. જેઓ છેલ્લા વીસ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક દેશની સેવા કરીને સેવા નિવૃત થતાં તેમના કુટુંબીજનો સગાંસંબંધીઓ તેમજ ગામના લોકોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો હતો. આ નરબંકા ગામમા આવી આવી પહોંચતા જ તેમના કુટુંબીજનો સગાંસંબંધીઓ તેમજ ગ્રામજનો દ્વારા ધામધુમ પૂર્વક ખરોડીયામાં વરઘોડુ નિકળીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સેવા નિવૃત વિર જવાન રમેશભાઈએ જણાવ્યું હતું કે દેશની રક્ષા માત્ર સૈનિક બનીને જ કરાય તેવું નથી. હુ મિડીયાના માધ્યમ થકી સમગ્ર લોકોનો સંદોશો આપવા માંગુ છુ કે આપણે કોઈ પણ ક્ષેત્રમાં રહીને પણ પ્રમાણીકતાથી દેશ અને દેશમાં રહેતા લોકોની નિષ્ઠાથી સેવા કરાય તોજ સાચા અર્થમાં સેવા કરી ગણાય. આમ આ વિર જવાને બોર્ડર સિક્યુરિટીમા ભરતી થયા બાદ મધ્યપ્રદેશ, રાજેસ્થાન, પશ્ચિમ બંગાળ, જમ્મુ-કાશ્મીર બાલાપુર સહીતના સેન્ટરોમાં ફરજ બજાવીને સેવા નિવૃત થયાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ગામના સરપંચ દલજીભાઈ ઠાકોર તેમજ સુરેશભાઈ ચૌધરી, ભીખાભાઈ, લક્ષ્મણભાઈ સહીત ગામના લોકો સગાંસંબંધીઓ સહીત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

ગાંધીબાપુના સ્મારક મીની રાજઘાટ (મહાદેવગ્રામ) ગાંધીજીની જન્મજયંતિએ અધિકારીઓ અને પદાધિકારીઓ ફરક્યા નહિ

મોડાસા, તા. ૩

અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુક્ત કરાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના

ભાગરૂપે દેશવાસીઓ શ્રદ્ધા સુમન અર્પણ કરી રહ્યા છે. નેતાઓ દરેક ભાષણમાં મત મેળવવા યાદ કરે છે દરેક સરકારી મોટી ઓફિસો અને અધિકારીઓની કચેરીમાં બાપુની તસવીરો ટીંગાળી સત્ય અને ભ્રષ્ટાચાર વિરોધી હોવાની છબી ઉપસાવવા મથામણ કરતા હોય છે પરંતુ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) ખાતે આવેલ ગાંધીબાપુના સ્મારક મીની રાજઘાટ ગાંધી સ્મારક પ્રચલિત છે જન્મજયંતિ નિમિત્તે આ સ્થળે જિલ્લામાંથી એકેય અધિકારી કે પદાધિકારીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું સુજ્યું ન હતું જાણે બાપુ એકલા હોય અને બાપુને સ્વાર્થ પુરતાજ યાદ કરવામાં આવતા હોય તેવો ઘાટ સર્જાયો હતો.

મોડાસાના મહાદેવગ્રામ (બાકરોલ)નજીક ડુંગર પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના અસ્થીનું વિસર્જન કરવામાં આવ્યું છે અને સમાધિ સ્થળ બનાવી મીની રાજઘાટમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે ૧૫૦મી ગાંધી જન્મજયંતીએ પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, સામાજિક કાર્યકર નિલેશ જોશી, કમળાબેન પરમાર, જીલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલ, કનુભાઈ પટેલ, હિમાંશુ વ્યાસ, અમિત કવિ અને સહીત ગણ્યા ગાંઠ્યા લોકોએ પુષ્પાંજલિ અર્પણ કરી તથા સ્થાનિક શાળાના બાળકો, મોડાસા હાઈસ્કૂલ અને લો-કોલેજના વિદ્યાર્થીઓએ પ્રાર્થનાસભા, વકૃત્વ, ગાંધી નાટક અને ભજન ગાઈ શ્રદ્ધા સુમન અર્પણ કરી હતી. સમયની સાથે અરવલ્લી જીલ્લાના અધિકારીઓ પણ બદલાયા હોય તેમ બાપુને વિસરી ગયા હોય તેમ શ્રદ્ધાંજલિ અર્પણથી દૂર રહ્યા હતા.

અરવલ્લી જીલ્લાના રાજકારણીઓને ચૂંટણી આવતાની સાથે ગાંધી બાપુના નામે મત મેળવવા મહાદેવ ગ્રામ પહોંચી મીની રાજઘાટ પહોંચી જતા હોય છે. ભાજપના કે કોંગ્રેસના એકપણ મોટા કદના નેતાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું સુજ્યું ન હતું. જીલ્લાના પ્રજાનોમાં નેતાઓ શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું મુનાસીબ ન સમજતા "હે રામ"ના શબ્દો સરી પડ્યા હતા. મહાદેવ ગ્રામ ખાતે આવેલ ગાંધી સ્મારકનું ૫૫ લાખના ખર્ચે નવીની કરણ કરવામાં આવ્યું છે.

પ્રાંતિજ વૃધ્ધાશ્રમ ખાતે ગરબા આયોજન કરાયુ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ વૃધ્ધાશ્રમ ખાતે સિનીયર સિટીઝન મંડળ તથા જાયન્ટસ ગૃપ પ્રાંતિજના સહયોગથી એક દિવસ માટે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વુધ્ધાશ્રમના વૃધ્ધો સિનીયર સિટીઝનના સભ્યો અને જાયન્ટસ ગૃપ સભ્યો ગરબે ધુમ્યા હતા.

આદ્યશક્તિ પર્વને લઈને નવરાત્રીના ત્રીજા દિવસે પ્રાંતિજ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ વૃધ્ધાશ્રમ ખાતે પ્રાંતિજ જાયન્ટસ ગૃપ પ્રાંતિજ તથા સીનીયર સીટીઝન મંડળના સહયોગથી વૃધ્ધાશ્રમ ખાતે બપોરના સમયે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સિનીયર સિટીઝન મંડળના સભ્યો તથા પ્રાંતિજ જાયન્ટસ ગૃપ પ્રાંતિજ તથા વૃધ્ધાશ્રમના વૃધ્ધો ગરબે રમતા જોવા મલ્યા હતા. વૃધ્ધાશ્રમના વૃધ્ધો ગરબે ગરબા ઘુમતા નજરે પડયા હતા, વૃધ્ધાશ્રમના વૃધ્ધોને પોતાના યુવાનીના દિવસો યાદ આવી ગયા હતા, નવરાત્રી પાવન પ્રસંગે વૃધ્ધાશ્રમમાં રહેતા ધીરૂભાઈ પટેલે શિવજીનો વેશનો વેશ ધારણ કર્યો હતો. વૃધ્ધાશ્રમમાં રહેતા અંજનાબેન દ્વારા ફિલ્મનું ગીત ગાઈને ઉપસ્થિત સર્વેનું દિલ જીતી લીધું. આ પ્રસંગે વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી વિભાષભાઈ, નવીનભાઈ શાહ, સિનિયર મંડળના મંત્રી સમિષ્ઠાબેન ખમાર, શરદભાઈ પરીખ, ધનજીભાઈ પટેલ, અરવિંદભાઈ રાવલ, શભુભાઈ રાવલ, પ્રાંતિજ જાયન્ટસ સ્થાપક ડૉ. એન.કે. ડેરિયા, નગરપાલિકા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, વજેશભાઈ ભાવસાર સહિત જાયન્ટસ ગૃપ તથા સીનીયર સીટીઝન મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સફળ સંચાલન સમિષ્ઠાબેન ખમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

ડીસાના મુખ્ય માર્ગોની હાલત ખખડધજ : મુખ્ય માર્ગ પરના સ્પીડ બ્રેકર હટાવી લેતા માર્ગ અકસ્માતનો ભય

ડીસામાં ચોમાસા દરમીયાન શહેરના તમામ મુખ્ય માર્ગો વરસાદ દરમિયાન તૂટી જતા વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યાં છે. ડીસાના બગીચા સર્કલથી જલારામ મંદિર સુધીનો મુખ્ય માર્ગ બિસ્માર અને ખખડધજ હાલતમાં હોઈ અહીં દિવસ દરમિયાન હજારો વાહનો પસાર થાય છે. અહીં હેલ્થ કચેરી આગળ જ મોટો ખાડો પડી ગયો છે વળી વરસાદી પાણી ભરાતા અહિં ખાડો હોય તેવો ખ્યાલ પણ ન આવતા દિવસ દરમિયાન અનેક બાઈક ચાલકો ખાડામાં ખાબકતા હોય છે તેમ છતાં પાલિકા દ્વારા આ ખાડાનું સમારકામ કરવાની તસ્દી લેવાતી નથી. આ ઉપરાંત જલારામ મંદિર નજીક પણ સ્પીડ બ્રેકરની આગળ જ ઊંડો ખાડો પડી ગયો છે જેના લીધે અકસ્માત સર્જાવાનો સતત ભય વાહનચાલકોને સતાવી રહયો છે તેમ છતાં આ ખખડધજ માર્ગનું સમાંરકામ કરવા બાબતે પાલિકા તંત્ર આળસ દાખવી રહું છે. તાજેતરમાં જુનાડીસા ખાતે કોલેજનું ખાતમુહૂર્ત હોઈ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવ્યા હતા જેમને આવકારવા માટે પાલિકા દ્વારા સમગ્ર શહેરના મુખ્ય માર્ગના તમામ સ્પીડ બ્રેકરને દૂર કરાયા હતા. જોકે મોટાભાગની સ્કૂલો આ માર્ગ પર આવેલી હોઈ દિવસ દરમિયાન સૌથી વધુ બાળકોની અવરજવર હોય છે તેમજ આ વાતને આજે એકાદ માસ ઉપરાંત સમય થઈ ગયો હોવા છતાં પાલિકા દ્વારા ફરીથી સ્પીડબ્રેકર બનાવવામાં આવતા નથી. પરિણામે બાઈક સહિતના વાહનચાલકો બેફામ ગતિએ વાહનો ચલાવી રહ્યા છે જેને લઈ આ માર્ગો ઉપરથી પસાર થતા સિનિયર સીટીઝન, સ્કૂલે જતા બાળકો અને મહિલાઓ સતત ભય અનુભવી રહી છે અને કોઈવાર મોટી દુર્ઘટના બની શકવાની પણ શકયતા રહેલી છે તો પાલિકાતંત્ર આ તમામ સ્પીડ બ્રેકરો ફરીથી બનાવે તેવી ઉગ્ર માંગ આમ પ્રજામાં ઉઠવા પામી છે.